ગુજરાત સરકાર, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૪/૧૦/૨૦૧૭ (ઠરાવ ક્રમાંક: નમક-૧૦૨૦૧૪-૫૨૬૫૧૫-ચ) ના ઠરાવ મુજબ રાજ્યના અગરિયાઓને મીઠાના ઉત્પાદન માટે સોલાર પંપ સબસીડી અંગેની યોજનાના અમલીકરણ અંગેની કાર્ય પદ્ધતિ

---

ગુજરાત રાજ્યના મીઠાના અગરિયાઓને મીઠા ઉત્પાદન માટે સોલાર પંપ સીસ્ટમની સબસીડી આપવા અંગેની યોજના અંતર્ગત ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૪/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:નમક-૧૦૨૦૧૪-૫૨૬૫૧૫-ચ અનુસંધાને જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા નીચે મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

૧) અત્રેથી જે ફોર્મ નો નમૂનો આપવામાં આવેલ છે તેના પર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા નીચે મુજબ **Unique Identification Number** આપવાનો રહશે.

- જિલ્લા ઉધોગ કેન્દ્ર (DIC) / (જિલ્લાનું નામ) / (તાલુકાનું નામ) / (Unique Identification Number – ક્રમાંક ૦૧ થી શરૂ કરીને)

૨) ઉપરોક્ત મુજબ દરેક ફોર્મ પર **Unique Identification Number** નાખી આ નંબરનું ફોર્મ જેને અપાય તે અગરિયા પોતે જ હોવા છે, તેની ખરાઈ કરીને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે રજીસ્ટરમાં (નીચેના કોષ્ટક મુજબ) તથા કોમ્પ્યુટરમાં એક્સેલમાં ડેટા એન્ટ્રી કરવાની રહેશે. જેથી એક જ લાભાર્થી એક કરતા વધારે વાર લાભ લઇ જાય તે બાબત નિવારી શકાય.

રાજ્યના અગરિયાઓને સોલાર પંપ સિસ્ટમ ફાળવવા અંગેની યોજનાનું રજીસ્ટરનો નિયત નમુનો

| ક્રમ નં | Unique Identification Number | અરજદાર અગરિયાનું પૂરું નામ | અગરિયા ઓળખકાર્ડ નંબર | ગામ | તાલુકો | સંપર્ક નંબર | અગરિયાની સહી/ અંગુઠાનું નિશાન |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

૩) ફોર્મ લેવા આવનાર અરજદાર પાસેથી નીચે જણાવ્યા મુજબના આધાર પુરાવાની ખરાઈ કરવાની રહેશે.

- સોલાર પંપ સિસ્ટમ ખરીદ્યાનો પુરાવો (અરજદારના નામનું ખરીદ બિલ)
- અરજદારને ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ અગરિયાઓના ઓળખકાર્ડ (અસલ)
- અરજદાર અગરિયાઓના આધારકાર્ડ (અસલ)

૪) ફોર્મ લેવા આવનાર અરજદારને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે ના નિયત સ્ટાફની મદદથી ઉદ્યોગ આધાર કાઢી આપવું. જેથી ભરેલા ફોર્મ સાથે બિડાણ કરી શકે.

૫) નિયત કરેલ ચેકલીસ્ટ મુજબના તમામ જરૂરી દસ્તાવેજો રજૂ થયા બાદ જ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ફોર્મની સ્ક્રુટીની કરીને સહાય ચૂકવવાની કાર્યવાહી કરવાની રહેશે.

૬) **GEDA** તથા વિવિધ અગરિયા એસોસિએશનો સાથે થયેલ બેઠકમાં **GEDA** દ્વારા સોલાર પંપ સિસ્ટમની અગાઉ અન્ય યોજનામાં માન્ય રાખેલ મહત્તમ કિંમત જણાવવામાં આવી. જે મુજબ ૩ હોર્સ પાવરના સોલાર પંપ મોડ્યુલ માટે મહત્તમ રૂપિયા બે લાખ એકાવન હજાર (રૂ. ૨,૫૧,000/-) અને ૫ હોર્સ પાવરના સોલાર પંપ મોડ્યુલ માટે મહત્તમ રૂપિયા ત્રણ લાખ એકાવન હજાર (રૂ. ૩,૫૧,000/-) ની મર્યાદા નક્કી કરવામાં આવી. આથી જનરલ મેનેજરશ્રીઓએ અરજદાર દ્વારા ખરીદેલ પંપની બિલ વેલ્યુ ચકાસી, જો ખરીદ કિંમત ઉપરોક્ત મર્યાદાથી વધારે હોય તો ઉપર જણાવ્યા મુજબની કિંમતની મર્યાદામાં જ સહાય પાત્રતા ગણી ૮0% લેખે ચુકવવાની રહેશે.

૭) જો કોઈ કિસ્સામાં ૨ હોર્સ પાવરનો એક અથવા ૧ હોર્સ પાવરના બે સોલાર પંપ લગાવવાની જરૂરિયાત હોય અને અરજદારે તે પ્રમાણે ખરીદી કરી હોય, તો પણ તેમને ૨ હોર્સ પાવર માટે મહત્તમ કિંમત રૂપિયા ૨ લાખ (રૂ. ૨,00,000/-) ની મર્યાદામાં સહાય પાત્રતા ગણી ૮0% લેખે સહાય આપવી.

૮) અરજીપત્રકમાં લાભાર્થીએ જણાવ્યા મુજબના આધાર કાર્ડ સાથે લીંક કરી બેંન્ક અકાઉન્ટમાં **RTGS** દ્વારા નાણાંકીય સહાયની રકમ ચૂકવવાની રહેશે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા આ માટે અંદાજીત ગ્રાન્ટની વડી કચેરી પાસેથી અગાઉથી માંગણી કરવાની રહેશે.

૯) અરજદારે અરજી સાથે સોલાર પંપ સિસ્ટમના ઈંસ્ટોલેશન થયા પહેલાનાં છેલ્લા ઉત્પાદન/વેચાણની 0૧ વર્ષની અંદરના સમયની કાંટા પાવતી પૂરી પાડવાની રહેશે. ઠરાવનાં શરતોના મુદ્દા નં (૪) માટે

રાજ્ય કક્ષાની એમ્પાવર્ડ કમિટીમાં લેવાયેલ નિર્ણય મુજબ આ સહાયની ચુકવણી માટે સોલાર પંપ સિસ્ટમ સ્થાપિત થયા બાદ તેના દ્વારા ઉત્પાદન શરૂ થયા સુધી વિલંબ કરવાનો રહેતો નથી.

૧૦) નિયત નમુનાનું અરજીપત્રક તથા આ કાર્યપદ્ધતિ મળ્યા બાદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા તમામ અગરિયાઓને યોજનાની જાણ થાય તે સુનિશ્ચિત કરી ઉપરોક્ત ગાઈડલાઈન મુજબ યોજનાનો અમલ ચાલુ કરવાનો રહેશે. (તમામ એસોસિયેશનોને, લગત ગ્રામ પંચાયત, મામલતદાર કચેરી, કલેકટર કચેરીઓને જાણકારી પહોંચાડવાની રહેશે. આ માટે મામલતદાર કચેરીઓમાં તલાટીની સાપ્તાહિક બેઠક યોજાય છે, તેમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના પ્રતિનિધિ દ્વારા જાણકારી આપવામાં આવે તે પણ સુનિશ્ચિત કરવાનું રહેશે.)

૧૧) સોલાર પંપ સિસ્ટમ માટે **MNRE** દ્વારા **SPV** પેનલનાં તમામ સ્પેસીફીકેશન તથા સપ્લાયર્સની યાદી બનાવેલ છે, જે **MNRE** ની વેબસાઈટ [http://mnre.gov.in/](http://mnre.gov.in/) પર ઉપલબ્ધ છે. અરજદારે આ સ્પેસીફીકેશન મુજબના **SPV** પેનલ સિસ્ટમ ખરીદેલ છે તે તથા સપ્લાયર્સ પણ આ યાદી પૈકીના છે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. તદ્દુપરાંત, આ સિસ્ટમમાં જે પંપ ખરીદવાના થાય છે, તે અગરના ખારાશપૂર્ણ વાતાવરણમાં વાપરવાનાં હોવાથી, **Stainless Steel** ના હોવા જોઈએ, અને તેનો ગ્રેડ **SS316** હોય તે જોવાનું રહેશે.

૧૨) આ યોજનાના ઠરાવની તારીખ ૨૪/૧૦/૨૦૧૭ બાદ જે અગરિયાઓએ જાતે અથવા કોઈ **NGO**ની સહાયથી આ પ્રકારના સોલાર પંપ વસાવેલ હોય, તો તેઓને પણ ઉપરોક્ત તમામ શરતો અને ચકાસણીઓને અધીન યોજના મુજબનો લાભ આપી શકાશે.

૧૩) આ યોજનાને બેંક લોન સાથે સાંકળવામાં આવે તો અગરિયાઓને આર્થિક રીતે ઘણું ફાયદાકારક રહે તેમ છે. આ બાબતે અરજદાર બેંક સાથે જોડાણ કરી લાભ લઇ શકશે. જરૂર જણાયે બેંકો સાથે બેઠક કરી બેંક મારફતે લોન પૂરી પડવાની પણ કાર્યવાહી કરવામાં આવશે.

સયુંકત ઉદ્યોગ કમિશનર (સોલ્ટ/ટેક્ષ)
ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી